# ગુજરાતમાં દેશનો પ્રથમ સ્પોર્ટ્સ જીનોમિક્સ કાર્યક્રમ શરૂ

**હવે** રમતવીરોની પ્રતિભા ડીએનએથી શોધાશે, સેમ્પલ લેવાની શરૂઆત

ગાંધીનગરઃ ગુજરાતે રમતગમત ક્ષેત્રે પ્રતિભા શોધવાની પરંપરાગત પદ્ધતિથી એક ડગલું આગળ વધીને હવે વિજ્ઞાન અને આનુવંશિકતાના આધારે રમતવીરોની ક્ષમતા ઓળખવાની નવી પહેલ શરૂ કરી છે. રાષ્ટ્રીય રમતગમત દિવસની પૂર્વસંધ્યાએ ગુજરાતે દેશનો પ્રથમ 'સ્પોર્ટ્સ જીનોમિક્સ કાર્યક્રમ' શરૂ કર્યો છે, જેના અંતર્ગત રમતવીરોના ડીએનએના અભ્યાસ માટે સેમ્પલ લેવાની શરૂઆત થઈ ગઈ છે. આ કાર્યક્રમ હેઠળ રમતવીરોની આનુવંશિક, શારીરિક અને રમતગમતના પ્રદર્શન સાથે સંકળાયેલી માહિતીને એકત્ર કરીને ગુજરાત એથ્લીટ જીનોમ ડેટાબેઝ તૈયાર કરવામાં આવશે. વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટર દ્વારા આ મહત્વાકાંક્ષી પહેલ હાથ ધરવામાં આવી છે.

## સ્નાયુની ક્ષમતાથી ઈજાનાં જોખમ સુધીનો અભ્યાસ

સ્પોર્ટ્સ જીનોમિક્સમાં આનુવંશિક ભિન્નતા અને રમતવીરની શારીરિક લાક્ષણિકતાઓ વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવામાં આવે છે. તેમાં સ્નાયુઓની રચના, સહનશક્તિ, ચયાપચય, કસરત પ્રત્યે શરીરની પ્રતિક્રિયા, રિકવરી અને ઈજાની સંભાવના જેવા પાસાંનો સમાવેશ થાય છે. આ સાથે ન્યૂટ્રિજિનોમિક્સ, જીવનશૈલી સંબંધિત આનુવંશિક લક્ષણો, વ્યક્તિત્વ સંબંધિત લક્ષણો અને શરીરની જૈવિક ઘડિયાળ જેવા પાસાંના અભ્યાસનો પણ પ્રસ્તાવ છે. જોકે, વૈજ્ઞાનિકો સ્પષ્ટ કરી રહ્યા છે કે રમતવીરની સફળતા માત્ર આનુવંશિકતા નક્કી કરતી નથી. તાલીમ, કોચિંગ, પોષણ, માળખાકીય સુવિધાઓ, સામાજિક સહયોગ અને અન્ય પર્યાવરણીય પરિબળો પણ એટલા જ મહત્વપૂર્ણ છે. એટલે જીનોમિક માહિતીનો ઉપયોગ રમતવીરના વ્યાપક મૂલ્યાંકનના એક ભાગ તરીકે કરવામાં આવશે.

## ટેનિસ ખેલાડીઓથી સેમ્પલ લેવાની શરૂઆત

ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટરના વૈજ્ઞાનિકોએ વિવિધ રમતોના રમતવીરોના સેમ્પલ એકત્ર કરવાનું શરૂ કરી દીધું છે. પ્રથમ તબક્કામાં ગુજરાત સ્ટેટ ટેનિસ એસોસિએશનના ટેનિસ ખેલાડીઓના સેમ્પલ લેવામાં આવ્યા છે. આગામી તબક્કામાં તીરંદાજી, ફેન્સિંગ, જુડો અને શૂટિંગના રમતવીરોના સેમ્પલ લેવાનું આયોજન છે. ચાલુ વર્ષે ૨,૦૦૦ સેમ્પલ એકત્ર કરીને તેનું વિશ્લેષણ કરવાનો લક્ષ્યાંક છે, જ્યારે આગામી પાંચ વર્ષમાં કુલ ૧૦,૦૦૦ સેમ્પલ એકત્ર કરવાની યોજના છે.

## ક્યા ખેલાડીઓમાં શોધાશે 'ખેલ જીન'?

સ્પોર્ટ્સ જીનોમિક્સ હેઠળ એથ્લેટિક્સ, સ્વિમિંગ, બોક્સિંગ, કુસ્તી, જુડો, તાઈક્વોન્ડો, જિમ્નાસ્ટિક્સ અને ફેન્સિંગ સહિતની રમતોનો સમાવેશ કરાયો છે. ફૂટબોલ, હોકી, હેન્ડબોલ, વોલીબોલ અને બાસ્કેટબોલ જેવી ટીમ રમતો ઉપરાંત બેડમિન્ટન, ટેબલ ટેનિસ, ટેનિસ, કબડ્ડી અને ખો-ખો જેવી રમતોના ખેલાડીઓ પણ આવરી લેવાશે. તીરંદાજી, શૂટિંગ અને ચેસ જેવી ચોકસાઈ તથા કૌશલ્ય આધારિત રમતોનો પણ તેમાં સમાવેશ કરાયો છે. વિવિધ વયજૂથના ખેલાડીઓના સેમ્પલ લેવામાં આવશે. તેમાં ૧૪ વર્ષથી ઓછી વયના, ૧૪થી ૧૮ વર્ષથી ઓછી વયના અને ૧૮ વર્ષથી વધુ વયના ખેલાડીઓનો સમાવેશ થશે. રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરના ચેમ્પિયન ખેલાડીઓને પ્રાથમિકતા આપવામાં આવશે.

## ૨૦30ની કોમનવેલ્થ ગેમ્સની તૈયારી વચ્ચે પહેલનું વિશેષ મહત્વ

ગુજરાત ૨૦30માં કોમનવેલ્થ ગેમ્સની યજમાનીની તૈયારીઓ કરી રહ્યું છે ત્યારે સ્પોર્ટ્સ જીનોમિક્સ કાર્યક્રમનું મહત્વ વધુ વધી જાય છે. રમતવીરોની વૈજ્ઞાનિક પ્રોફાઇલ તૈયાર કરીને ઉચ્ચ કક્ષાની પ્રતિભાની વહેલી ઓળખ, તાલીમની યોગ્ય દિશા, ઈજાના જોખમનું મૂલ્યાંકન અને રિકવરીની વધુ અસરકારક વ્યૂહરચના વિકસાવવાની શક્યતા ઊભી થશે. ગુજરાતને રમત વિજ્ઞાન, બાયોટેક્નોલોજી અને ઉચ્ચ કક્ષાના રમતવીર વિકાસને સાંકળતું 'સ્પોર્ટ્સ બાયોટેક્નોલોજી ઇનોવેશન હબ' બનાવવાનો પણ આ પહેલનો વ્યાપક હેતુ છે.

# નેપાળની જળહોનારતમાં ગુજરાતના ગુમ યાત્રાળુની સંખ્યા વધીને ૨૪

**કૈલાસ** માન સરોવર યાત્રાએ ગયેલા મોટાભાગના યાત્રાળુઓ રસુવાગઢી-કેરુંગ બોર્ડર અને ભોટે કોશી વિસ્તારમાં સંપર્કવિહોણા

ગાંધીનગરઃ નેપાળ-તિબેટ સરહદે આવેલા ભયાનક ફ્લેશ ફ્લડ અને ભૂસ્ખલનની કુદરતી આફતમાં ગુજરાતના યાત્રાળુઓ પણ સપડાયા છે. કૈલાસ માનસરોવર યાત્રા તથા અન્ય પ્રવાસે ગયેલા ગુજરાતના ૨૪ નાગરિકો ગુમ અથવા સંપર્કવિહોણા બન્યા છે. ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા આજે બપોરે ૧૨.૫૪ વાગ્યા સુધીની જાહેર કરાયેલી સત્તાવાર માહિતી મુજબ અમદાવાદના પાંચ, આણંદના ચાર, ગાંધીનગરના ચાર, ખેડાના ચાર, સુરતના ત્રણ, અમરેલીના બે અને રાજકોટના એક નાગરિકનો સમાવેશ થાય છે. ગુમ થયેલા લોકોમાં અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં વસતા મૂળ ગુજરાતીઓ પણ સામેલ છે.

અમદાવાદના પાંચ યાત્રાળુઓમાં કિન્નરી પટેલ અને મિહિર પટેલનો સમાવેશ થાય છે. બંને ૨૩ ઓગસ્ટથી કેરુંગ માર્ગે કૈલાસ માનસરોવર યાત્રા માટે નીકળ્યા બાદ સંપર્કવિહોણા બન્યા છે. અશોકભાઈ ધીરજલાલ કાપડીનો ૨૫ ઓગસ્ટે ચીન બોર્ડર ઈમિગ્રેશન સેન્ટર નજીકથી છેલ્લો સંપર્ક થયો હતો. બીના પી. પારીખનો રસુવાગઢી બોર્ડર નજીક હોટેલ કૈલાસથી છેલ્લો વોટ્સએપ સંદેશ મળ્યો હતો. પૂનમ દિલીપકુમાર ઠક્કર પણ છેલ્લા ૨૪થી ૪૮ કલાકથી સંપર્કવિહોણા છે. આણંદ જિલ્લાના ચાર યાત્રાળુઓમાં બિમલકુમાર પટેલ, જયમીનાબેન પટેલ, પદ્મબેન જગદીશભાઈ પટેલ અને જગદીશભાઈ ઉમેશભાઈ પટેલનો સમાવેશ થાય છે. બિમલકુમાર પટેલ અને જયમીનાબેન પટેલ ૧૬ ઓગસ્ટે કૈલાસ માનસરોવર યાત્રા માટે નીકળ્યા બાદ ગુમ છે, જ્યારે પદ્મબેન પટેલ અને જગદીશભાઈ પટેલનો ૨૫ ઓગસ્ટ બાદ કોઈ સંપર્ક થયો નથી. ગાંધીનગરના ચાર નાગરિકોમાં ભાવિનકુમાર આર. રાવલ, અમિતા અમીન, તેજલ પટેલ અને જિતેન્દ્ર પટેલનો સમાવેશ થાય છે. ભાવિનકુમાર રાવલ કેરુંગ માર્ગેથી સંપર્કવિહોણા બન્યા છે, જ્યારે અમિતા અમીન, તેજલ પટેલ અને જિતેન્દ્ર પટેલનો બાગમતી વિસ્તારના ફ્રેન્ડશિપ બ્રિજ નજીકથી સંપર્ક તૂટ્યો છે. ખેડા જિલ્લાના ઉમેશ ભોગીલાલ પટેલ, આકાંક્ષાબેન પટેલ, ઈશાન પટેલ અને શિલ્પાબેન પટેલ પણ સંપર્કવિહોણા બન્યા છે. સુરતના ત્રણ નાગરિકોમાં પરેશભાઈ નટવરલાલ પટેલ, જ્યોતિબેન પરેશભાઈ પટેલ અને મીનાક્ષીબેન સંજયભાઈ રમણીનો સમાવેશ થાય છે. પરિવારજનોના જણાવ્યા મુજબ પરેશભાઈ અને જ્યોતિબેન અમેરિકા તથા મીનાક્ષીબેન મુંબઈથી નેપાળ ગયા હતા. ૨૩ ઓગસ્ટે પરિવાર સાથે છેલ્લી વાત થયા બાદ તેઓ કૈલાસ માનસરોવર તરફ જવા નીકળ્યા હતા. અમરેલીના દિનેશભાઈ પ્રાગજીભાઈ પટેલ અને ચૌહાણ કમતાપ્રસાદ બાબુલાલ પણ સંપર્કવિહોણા છે. રાજકોટના જય દિનેશ કોટેચાનો ભોટે કોશી નદી અને રસુવાગઢી બોર્ડરથી સંપર્ક તૂટ્યો છે.

## જીએસટી ચોરીથી રાજ્યની તિજોરીને ૧૮,૪૯૧ કરોડનો ફટકો

અમદાવાદઃ છેલ્લા ત્રણ જ વર્ષમાં રાજ્યની તિજોરીને જીએસટી ચોરીના નામે ૧૮,૪૯૧ કરોડ રૂપિયાનો ફટકો વાગ્યો છે. આ કોઈ સામાન્ય કરચોરી નથી, આ સીધી રીતે પ્રજાના પરસેવાની કમાણી પર પડેલો સત્તાવાર લુંટ છે. વર્ષ ૨૦૨૪-૨૫ થી વર્ષ ૨૦૨૫-૨૬ એક જ વર્ષનામાં ટેક્સ ચોરીના કેસ ૩,૨૮૧ થી કૂદીને સીધા ૧૨,૫૧૧ થઈ જાય અને રકમ ૩,૩૧૦ કરોડથી ઉછળીને ૧૨,૬૩૨ કરોડ પહોંચી જાય, આને કોઈ 'આકસ્મિક ભૂલ' ન કહેવાય. આ સંયોગ છે કે પ્રયોગ છે? આટલી મોટી રકમ ઉડી ગઈ અને સિસ્ટમમાં કોઈને ગંધ સુદ્ધાં ન આવી? કે પછી ઉપરથી નીચે સુધી હપ્તા પહોંચતા હતા? પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ.હિરેન બેન્કરએ જણાવ્યું હતું કે, રાજ્યની તિજોરીને જીએસટી ટેક્ષ ચોરીના કારણે અધધધ ૧૮,૪૯૧ કરોડ રૂપિયાનો ચૂનો લાગ્યો છે. આ કોઈ નાની-સૂની રકમ નથી, આ રકમમાંથી અનેક શાળાઓ, હોસ્પિટલો અને માળખાકીય સુવિધાઓ ઊભી થઈ શકી હોત. પરંતુ સૌથી વધુ ચિંતાનો વિષય એ છે કે આ ચોરી કોઈ સ્થિર ગતિએ નથી વધી રહી, પરંતુ ભયજનક ઝડપે વકરી રહી છે.

# સુભાષચંદ્ર ગોયલનું ૨૨,૦૦૬ કરોડ રૂપિયાનું દેવું ઘટીને ૬.૫ કરોડ રૂપિયા કેવી રીતે થઈ ગયું?



કોઈ ગરીબ કિસાન તેની બે-પાંચ લાખની લોન ચૂકવી ન શકે તો તેનું ખોરડું લિલામ થાય છે અથવા તેને આપઘાત કરવાની ફરજ પાડવામાં આવે છે, પણ મોટા ઉદ્યોગપતિઓની અબજો રૂપિયાની લોન માફ કરવામાં આવે તો પણ તેઓ જલસા કર્યા કરે છે. હમણાં હમણાં ઝી ગ્રુપના ચેરમેન સુભાષચંદ્ર ગોયલની કુલ ૨૨,૦૦૬ કરોડ રૂપિયાની લોન માફ કરીને તેની પતાવટ કેવી રીતે માત્ર ૬.૫ કરોડ રૂપિયામાં કરવામાં આવી તેની ચર્ચા ચારે કોર ચાલી રહી છે. આ પતાવટ ૧૦૦ રૂપિયાનાં દેવાં સામે માત્ર ૩ પૈસામાં કરવામાં આવી છે અને કાયદેસર રીતે કરવામાં આવી છે. આ પતાવટ પછી સુભાષચંદ્ર ગોયલ દૂધ જેવા ચોખ્ખા થઈ જશે અને બેન્કમાંથી નવી લોન મેળવવાને પાત્ર પણ થઈ જશે. ભારતમાં એવા ક્યા કાયદાઓ છે અને એવી કઈ કાનૂની પ્રક્રિયા છે, જેની મદદ લઈને ગામનું અબજો રૂપિયાનું કરી ચૂકેલા ઉદ્યોગપતિઓ સમાજમાં કોલર ઊંચા કરી ફરી શકે છે અને લેણદારો નાહી નાખે છે, તે સમજવાની જરૂર છે. સુભાષચંદ્ર ગોયલ ભાજપના સંસદસભ્ય હતા અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નજીકના હતા, તેને કારણે તેમણે કઈ રીતે લેણદારોને ૨૨,૦૦૦ કરોડ રૂપિયાના ખાડામાં ઊતાર્યા તે પણ સમજવાની જરૂર છે.

માંડીને વાત કરીએ તો વિવેક ઇન્ફ્રાકો નામની કંપનીએ ઇન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઇનાન્સ નામની ફાઇનાન્સ કંપની પાસેથી ૧૭૦ કરોડ રૂપિયાની લોન લીધી હતી, જેના માટે સુભાષચંદ્રે વ્યક્તિગત ગેરંટી આપી હતી. જ્યારે વિવેક ઇન્ફ્રાકો કંપની દ્વારા ૧૭૦ કરોડ રૂપિયા ચૂકવવામાં ન આવ્યા, ત્યારે ઇન્ડિયાબુલ્સે ગેરન્ટર બનેલા સુભાષચંદ્ર ગોયલ સામે વસૂલાતની કાર્યવાહી કરી. ઇન્ડિયાબુલ્સ દ્વારા ૨૦૨૨ માં નાદારી કોડ (IBC) હેઠળ નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT) માં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. NCLT ના કાયદા મુજબ અન્ય લેણદારો પણ આ કેસમાં જોડાયા હતા. સુભાષચંદ્ર ગોયલ સામે વસૂલાતનો કુલ દાવો આશરે ૨૨,૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચ્યો હતો. અપીલ ૨૦૨૪ માં મંજૂર કરવામાં આવી હતી. NCLT ના કાયદા હેઠળ તેની કોર્ટમાં ચુકાદો ન આવે ત્યાં સુધી દેવાદાર સામે દેશની કોઈ પણ અન્ય કોર્ટમાં કેસ કરી શકાતો નથી. આ કાયદાનું સુભાષચંદ્ર ગોયલને સંરક્ષણ મળ્યું અને તેઓ છૂટથી હરીફરી શકતા હતા.

**ટુ ધ પોઇન્ટ** ▪ સંજય વોરા ▪

NCLT માં દાવાની સુનાવણી કરવામાં આવી ત્યારે સુભાષચંદ્ર ગોયલે હાથ ઊંચા કરી દેતાં જણાવ્યું હતું કે ૨૦૨૪માં તેમની કુલ સંપત્તિ માત્ર ૩૧.૭૯ કરોડની જ હતી, જેમાં તેમનું ૨૫ કરોડ રૂપિયાનું ઘર પણ સામેલ હતું. સુભાષચંદ્ર ગોયલે NCLT ને જણાવ્યું કે તેઓ વધુમાં વધુ ૬.૫ કરોડ રૂપિયા જ ચૂકવી શકે તેમ છે. સુભાષચંદ્ર ગોયલે ૨૦૧૬માં રાજ્યસભાની ચૂંટણી લડતી વખતે તેમની સંપત્તિ ૩૯.૦૮ કરોડ રૂપિયા હોવાની જાહેરાત કરી હતી, પરંતુ ૨૦૧૭માં બેન્કો દ્વારા તેમની પાસે ૪૫,૮૮૮ કરોડ રૂપિયાની સંપત્તિ હોવાની નોંધ કરવામાં આવી હતી અને તે મુજબ તેમને અબજો રૂપિયાની લોન પણ આપવામાં આવી હતી. હવે સવાલ એ થાય છે કે જો સુભાષચંદ્ર ગોયલ પાસે ૨૦૧૬માં માત્ર ૩૯.૦૮ કરોડ રૂપિયાની જ સંપત્તિ હતી તો બેન્કો દ્વારા તેમને ૨૨,૦૦૬ કરોડ રૂપિયાનું ધિરાણ કેવી રીતે આપવામાં આવ્યું હતું કે તેમને લોનના ગેરન્ટર તરીકે કેવી રીતે સ્વીકારવામાં આવ્યા હતા? બેન્કો અને નાણાં સંસ્થાઓ દ્વારા તેમની પાસે ૨૦૧૭માં ૪૫,૮૮૮ કરોડ રૂપિયાની સંપત્તિ હોવાનું સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું તો ૨૦૨૪માં તેમની પાસે ૩૧.૭૯ કરોડ રૂપિયા સિવાયની બાકીની સંપત્તિ ક્યાં જતી રહી? સંભવ છે કે આ સંપત્તિ તેમણે ધંધામાં ગુમાવી દીધી હોય કે વિદેશમાં પણ મોકલી દીધી હોય.

NCLT ની પદ્ધતિ મુજબ દેવાદાર વ્યક્તિ દ્વારા તે કેટલી રકમ ચૂકવી શકશે, તેની સ્કીમ રજૂ કરવામાં આવે છે અને પછી તેના પર લેણદારોમાં મતદાન કરાવવામાં આવે છે. સુભાષચંદ્ર ગોયલે સ્કીમ રજૂ કરી કે તેઓ તેમની વર્તમાન આર્થિક પરિસ્થિતિના આધારે ૨૨,૦૦૬ કરોડ રૂપિયા સામે માત્ર ૬.૫ કરોડ રૂપિયા જ ચૂકવી શકશે. આ સ્કીમ ઉપર લેણદારો દ્વારા મતદાન કરવામાં આવ્યું. આ મતદાન પણ લેણદારોની સંખ્યાના આધારે નહીં પણ તેમની લેણી રકમના આધારે કરાવવામાં આવે છે, જેમાં દરેક લેણદારને રકમના પ્રમાણમાં મત આપવાના અધિકાર મળે છે. નવાઈની વાત એ છે કે ૮૦.૮ ટકા લેણદારોએ જણાવ્યું કે તેમને ૬.૫ કરોડમાં પતાવટ મંજૂર છે. આ મતદાનના આધારે NCLT દ્વારા સુભાષચંદ્ર ગોયલની પતાવટની સ્કીમ માન્ય રાખવામાં આવી હતી.

હવે સવાલ જે ૧૯.૨ ટકા લેણદારો દ્વારા સ્કીમ મંજૂર નથી કરવામાં આવી તેમનો આવે છે. તેમાં સૌથી મોટી લેણદાર LIC હાઉસિંગ ફાઇનાન્સ કંપની છે. તેણે સુભાષચંદ્ર ગોયલ પાસે ૧૩૨૨.૩૯ કરોડ રૂપિયાનો દાવો કર્યો હતો. NCLT દ્વારા મંજૂર કરવામાં આવેલી સ્કીમ મુજબ LIC હાઉસિંગ ફાઇનાન્સ કંપનીને માત્ર ૩૮.૦૯ લાખ રૂપિયા જ મળવાના છે. તેણે અને અન્ય લેણદારોએ આ ઓછી વસૂલાત સામે વાંધો ઉઠાવ્યો હતો અને દલીલ કરી હતી કે તે કાયદેસર રીતે માન્ય નથી. LIC હાઉસિંગ ફાઇનાન્સ કંપની તથા અન્ય લેણદારો સમક્ષ હવે કોર્ટમાં જવાનો વિકલ્પ ઉપલબ્ધ છે, જેનો તેઓ ઉપયોગ કરે તેવી પૂરેપૂરી સંભાવના રહેલી છે. જો સુભાષચંદ્ર ગોયલ પાસે ખરેખર કોઈ સંપત્તિ નહીં હોય તો આ કંપનીઓનું પણ કાંઈ ચાલશે નહીં. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, ૨૨,૦૦૬ કરોડ રિયાની રકમ એસ્સેલ અને ઝી ગ્રુપની વિવિધ કંપનીઓના દેવાંના દાવાઓ સાથે સંબંધિત છે, જેમાં સુભાષ ચંદ્રા વ્યક્તિગત ગેરંટર હતા. આનો અર્થ એ થયો કે આ લોન સુભાષચંદ્રની કંપનીઓ દ્વારા લેવામાં આવી હતી. સુભાષચંદ્ર વ્યક્તિગત રીતે મુખ્ય ઉધાર લેનારા નહોતા. સૂત્રો કહે છે કે લગભગ ૨,૫૭૪ કરોડ રૂપિયાની લોન હતી, જેમાં શરૂઆતથી જ સુભાષચંદ્રની વ્યક્તિગત ગેરંટી આપવામાં આવી હતી. બાકીના કેસોમાં તેમની ગેરંટીઓ વધારાની સુરક્ષા તરીકે ઉમેરવામાં આવી હતી. નાદારીનો કેસ કંપનીઓ સામે નહીં, પરંતુ સુભાષચંદ્ર સામે ગેરંટર તરીકે શરૂ કરવામાં આવ્યો હતો. ચુકવણી યોજનામાં મુખ્ય ઉધાર લેનાર કંપનીઓ પાસેથી આશરે ૧,૪૯૪ કરોડ રૂપિયાની વસૂલાતની પણ જોગવાઈ છે. વધુમાં, બેંકો અને અન્ય ધિરાણકર્તાઓ પાસે તે કંપનીઓ દ્વારા ગીરવે મૂકેલી સંપત્તિઓ અને અન્ય સિક્યોરિટીઝમાંથી નાણાં વસૂલવાનો વિકલ્પ હશે. આનો અર્થ એ થયો કે આ મામલો સુભાષચંદ્રની વ્યક્તિગત સંપત્તિઓમાંથી નાણાં વસૂલવા પૂરતો મર્યાદિત નથી.

LIC હાઉસિંગ ફાઇનાન્સ, HDFC બેંક, એક્સિસ બેંક, કેનેરા બેંક, RBL બેંક અને યુનિયન બેંક સહિત અનેક બેંકો અને નાણાંકીય સંસ્થાઓએ આ યોજનાનો વિરોધ કર્યો હતો. ધિરાણકર્તાઓએ દલીલ કરી હતી કે સુભાષ ચંદ્રાની અગાઉ જાહેર કરેલી નેટવર્થ અને તેમની વર્તમાન નેટવર્થ વચ્ચે નોંધપાત્ર વિસંગતતા છે અને તેમની સંપત્તિની વધુ ઊંડાણપૂર્વક તપાસ જરૂરી છે. લેણદારોએ સુભાષચંદ્ર ગોયલના જૂના નેટવર્થ પ્રમાણપત્રોનો ઉલ્લેખ કર્યો હતો. આ દસ્તાવેજો અનુસાર, સુભાષ ચંદ્રાની નેટવર્થ ૨૦૧૭ માં આશરે ૪૫,૮૮૮ કરોડ હતી. ૨૦૧૮ માં તે આશરે ૪૦,૫૬૨ કરોડ હતી. દરમિયાન, વર્તમાન નાદારી પ્રક્રિયામાં તેમની જાહેર કરેલી ચોખ્ખી સંપત્તિ આશરે ૩૧.૭૯ કરોડ છે. આ વિસંગતતાએ ઘણા પ્રશ્નો ઊભા કર્યા છે. સુભાષચંદ્ર કહે છે કે એસ્સેલ ગ્રુપની કંપનીઓએ અત્યાર સુધીમાં ધિરાણકર્તાઓને આશરે ૪૩,૦૦૦ કરોડ રૂપિયા ચૂકવ્યા છે. આ આંકડામાં કંપનીઓ દ્વારા કરવામાં આવેલી ચુકવણીનો સમાવેશ થાય છે. સુભાષચંદ્ર દ્વારા વ્યક્તિગત રીતે ગેરંટી આપવામાં આવેલી ૨૨,૦૦૬ કરોડ રૂપિયાની જંગી લોનના કેસમાં નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT) ના આઘાતજનક નિર્ણય સામે દેશની મુખ્ય બેંકો 'કરો યા મરો'ની લડાઈના મૂડમાં છે. HDFC બેંક અને LIC હાઉસિંગ ફાઇનાન્સ જેવી મુખ્ય નાણાંકીય સંસ્થાઓ હવે આ નિર્ણયને નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલ (NCLAT) માં પડકારવાની તૈયારી કરી રહી છે. હકીકતમાં, આ સેટલમેન્ટમાં મુખ્ય દેવાદારો અને વ્યક્તિગત ગેરંટી આપનારાઓ દ્વારા ચૂકવવામાં આવનારી રકમમાં મોટો તફાવત છે. દરમિયાન, HDFC બેંકે સત્તાવાર રીતે એક નિવેદન જારી કરીને સ્પષ્ટતા કરી છે કે તેણે દરખાસ્તની વિરુદ્ધમાં મતદાન કર્યું છે અને હવે તે એપેલેટ ટ્રિબ્યુનલમાં કાનૂની અપીલ દાખલ કરવાની શક્યતા શોધી રહી છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**NCLT ની પદ્ધતિ મુજબ દેવાદાર વ્યક્તિ દ્વારા તે કેટલી રકમ ચૂકવી શકશે, તેની સ્કીમ રજૂ કરવામાં આવે છે અને પછી તેના પર લેણદારોમાં મતદાન કરાવવામાં આવે છે**

## BUSINESS મિત્ર

# બે દિવસની મંદી પછી શેરબજાર સુધર્યું

**બીએસઇ** સેન્સેક્સ ૩૩૦.૯૨ પોઇન્ટ અથવા ૦.૪૩ ટકા વધીને ૭૭,૨૬૪.૫૧ પર બંધ થયો, દિવસ દરમ્યાન ૪૨૪ પોઇન્ટ કરતા વધુ ઉછળ્યો

**નિફ્ટી** ૮૪.૮૦ પોઇન્ટ અથવા ૦.૩૫ ટકા વધીને ૨૪,૧૭૫.૬૫ પર બંધ થયો, આઇટી શેરોમાં મજબૂતીની અસર

**એશિયન** શેરબજારોમાં મિશ્ર પ્રવાહ

મુંબઈ, ૨૮ ઓગસ્ટ (પીટીઆઈ): વૈશ્વિક બજારોમાં તેજી અને બ્લુ-ચિપ આઈટી શેરોમાં ખરીદીના પગલે બે દિવસની ગિરાવટ બાદ શુક્રવારે બેન્ચમાર્ક ઈક્વિટી સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી રિકવર થઈને ઉપર બંધ રહ્યા હતા. ત્રીસ શેરો ધરાવતો બીએસઈ સેન્સેક્સ ૩૩૦.૯૨ પોઈન્ટ અથવા ૦.૪૩ ટકા વધીને ૭૭,૨૬૪.૫૧ પર બંધ થયો હતો. દિવસ દરમિયાન તે ૪૨૪.૩૮ પોઈન્ટ અથવા ૦.૫૫ ટકા ઉછળીને ૭૭,૩૫૭.૯૭ પર પહોંચ્યો હતો. ૫૦ શેરોનો એનએસઈ નિફ્ટી ૮૪.૮૦ પોઈન્ટ અથવા ૦.૩૫ ટકા વધીને ૨૪,૧૭૫.૬૫ પર બંધ થયો હતો. સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી ટાટા કન્સલ્ટન્સી સર્વિસીઝ, ઈન્ફોસિસ, ટેક મહિન્દ્રા, એચસીએલ ટેક, ટાઈટન અને ઈટરનલ મુખ્ય વિનર રહ્યા હતા. આઈસીઆઈસીઆઈ બેન્ક, અલ્ટ્રાટેક સિમેન્ટ, એશિયન પેઈન્ટ્સ અને આઈટીસી નબળા દેખાવવાળા શેરોમાં સામેલ હતા. જિયોજિત ઈન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે, "આજે આઈટી શેરોમાં મજબૂત તેજીને કારણે ભારતીય શેરબજારો ઊંચા બંધ રહ્યા હતા. એનવીડિયાના મજબૂત ત્રિમાસિક પરિણામો અને આશાવાદી આઉટલૂકથી આ ક્ષેત્રને ટેકો મળ્યો હતો, જેનાથી કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) સંબંધિત રોકાણમાં સતત વધારો થવાની આશા વધી છે અને એન્ટરપ્રાઈઝ AI ડિપ્લોયમેન્ટ સાથે જોડાયેલી કંપનીઓને ફાયદો થયો છે."

તેમણે ઉમેર્યું, "જો કે, યુએસ વ્યાજદરના દૃષ્ટિકોણ અને વૈશ્વિક તરલતાની સ્થિતિ પર વધુ સ્પષ્ટતા માટે જેક્સન હોલ સિમ્પોસિયમમાં ફેડરલ રિઝર્વના અધ્યક્ષના નિવેદનની રાહ જોવાઈ રહી હોવાથી રોકાણકારોની સહભાગિતા મર્યાદિત રહી હતી." એચએસટી વેલ્થના ફાઉન્ડર અને સીઈઓ હરિસેલવન રાધાકૃષ્ણને જણાવ્યું હતું કે ક્ષેત્ર માટેના અનુકૂળ વૈશ્વિક સંકેતો વચ્ચે રોકાણકારો આઈટી શેરો અંગે સકારાત્મક રહ્યા હતા.

રાધાકૃષ્ણને જણાવ્યું, "ભારતીય ઈક્વિટી બેન્ચમાર્ક્સે શુક્રવારે ઉછાળા સાથે બે દિવસની મંદીના સિલસિલાને અટકાવ્યો હતો, કારણ કે વ્યાપક બજારના નબળા દેખાવ વચ્ચે ટેક્નોલોજી શેરોમાં થયેલા મજબૂત વધારાએ તેને બેલેન્સ કરી દીધું હતું. ટેક્નોલોજી શેરો સ્પષ્ટપણે મોખરે રહ્યા હતા, જેમાં નિફ્ટી આઈટી ઈન્ડેક્સ ૩.૫ ટકા ઉછળ્યો હતો." બીએસઈ મિડકેપ સિલેક્ટ ઈન્ડેક્સ ૦.૪૮ ટકા અને સ્મોલકેપ સિલેક્ટ ઈન્ડેક્સ ૦.૦૨ ટકા વધ્યો હતો.

બીએસઈ સેક્ટરલ ઈન્ડેક્સમાં, ફોકસ્ડ આઈટી ૩.૪૨ ટકા, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ૩.૩૨ ટકા, પીએસયુ બેન્ક ૧.૨૫ ટકા, બેન્કેક્સ ૧.૦૧ ટકા, મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક્સ ૦.૯૪ ટકા અને મેટલ ૦.૭૧ ટકા વધ્યા હતા. ઈન્શ્યોરન્સ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, એનર્જી, રિયલ્ટી, પાવર અને ઓઈલ એન્ડ ગેસ નબળા રહ્યા હતા. સાપ્તાહિક ધોરણે, બીએસઈ બેન્ચમાર્ક ૨૭૬.૩૨ પોઈન્ટ અથવા ૦.૩૫ ટકા અને નિફ્ટી ૭૬.૩૫ પોઈન્ટ અથવા ૦.૩૧ ટકા ઘટ્યા હતા.

### ડોલર સામે રૂપિયો ૬ પૈસા વધીને ૯૫.૩૯ પર બંધ થયો

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.39 રૂ. |
| યુરો | 111.30 રૂ. |
| પાઉન્ડ | 129.89 રૂ. |
| યેન | 0.59.92 રૂ. |

મુંબઈ, ૨૮ ઓગસ્ટ (પીટીઆઈ): વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા(RBI)ની દખલગીરીને કારણે શુક્રવારે યુએસ ડોલર સામે રૂપિયો ૬ પૈસા વધીને ૯૫.૩૯(પ્રોવિઝનલ) પર બંધ થયો હતો. જો કે, થોડા મજબૂત ગ્રીનબેક અને FII (વિદેશી સંસ્થાકીય રોકાણકારો)ના વેચાણ પ્રવાહને કારણે સ્થાનિક ચલણ દબાણ હેઠળ રહ્યું હતું, એમ ફોરેક્સ વેપારીઓએ જણાવ્યું હતું. ઇન્ટરબેંક ફોરેન એક્સચેન્જમાં, ડોલર સામે રૂપિયો ૯૫.૫૪ પર ખુલ્લો અને સત્ર દરમિયાન ૯૫.૩૧-૯૫.૫૭ ની રેન્જમાં ટ્રેડ થયો હતો. તે આખરે ૯૫.૩૯ (પ્રોવિઝનલ) પર બંધ થયો હતો, જે તેના અગાઉના બંધ કરતા ૬ પૈસા ઉપર હતો. ગુરુવારે યુએસ ડોલર સામે રૂપિયો પ્રારંભિક નફાને ધોઈ નાખીને દિવસના અંતે ૧ પૈસા ઘટીને ૯૫.૪૫ પર બંધ થયો હતો.

**જથ્થાબંધ ખાંડબજાર**
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૮૦૦ |
| એમ-30 | ૫૮૦૦ |
| એસ-30 | ૫૭૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૫૫૦૦ |
| એસ-30 | ૫૪૦૦ |

**સોના-ચાંદી સુરત**
(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૪૫૦૦ |
| તેજાબી સોનું | ૧૬૪૪૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૬૨૭૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૧૨૦૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૪૫૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૨૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૫૩૫૦૦ |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — **નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪**

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૪૧ | ----- | --- |
| 30/૨૪ બ્રાઇટ | ૨૮૦.૫ | ૫૦/૩૬ '' | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૬૭ |
| 30/૩૬ એફડી | ૨૮૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૫૯ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૨ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૫૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૩ | 30/૧૪ ક્રિમ્પ | ૨૦૫.૨૫ |
| ૬૮/૩૬ | ૧૫૬.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૦.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૫૪.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૫૨ | ૬૮ ક્રિમ્પ | ૧૫૯ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૫૬ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૫૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૦.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૫૪ |
| 30/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૬૭ | ૮૦ ક્રિમ્પ | ૧૫૪ |
| ૮૦/૭૨ રોટો. | ૧૫૯.૭૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૬૭ | ૮૦/૭૨ રોટો | ૧૬૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૫૮.૭૫ | --- | --- | 30/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૪.૨૫ | ૮૦/૧૦૮ '' | ૧૬૦ | 30/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૫૯ |

# MCX પર નીચલા સ્તરથી ચાંદીના ભાવમાં લગભગ રૂ. 6,000નો ઉછાળો

**સોનું** પણ મજબૂત થઈ રૂ. 1.60 લાખના સ્તર નજીક

મુંબઈ, તા. 28: શુક્રવારે ભારતમાં ચાંદીના ભાવમાં દિવસના નીચલા સ્તરથી તીવ્ર ઉછાળો જોવા મળ્યો છે. મજબૂત ખરીદીના વેગને ટેકો આપતા, આંતરરાષ્ટ્રીય ભાવમાં મજબૂત વધારાને કારણે આ વધારો જોવા મળ્યો. ગયા સપ્તાહથી ચાંદીની રાખડીઓની પણ ભારે માંગ રહી હતી. ભવિષ્યમાં પણ પહેરી શકાય તે માટે બ્રેસલેટની પણ માંગ રહી છે.

MCX ચાંદીના ભાવ રૂ. 3204 અથવા 1.33 ટકા વધીને રૂ. 2,43,855 પ્રતિ કિલોગ્રામ થયા. તે 2,44,950 રૂપિયાના ઈન્ટ્રાડે ઉચ્ચ સ્તર પર પહોંચ્યા, જે પાછલા બંધ ભાવથી 1.78 ટકા જેટલો વધારો દર્શાવે છે. દિવસના નીચલા સ્તર રૂ. 2,39,049 થી, ચાંદીના ભાવ રૂ. 5,901 અથવા 2.46 ટકા વધ્યા છે.

MCX સોનાનો ભાવ રૂ. 1,59,741 ના ઉચ્ચ સ્તરને સ્પર્શ્યા પછી રૂ. 500 અથવા 0.31 ટકા વધીને રૂ. 1,59,496 પ્રતિ 10 ગ્રામ પર પહોંચી ગયો.

વિશ્લેષકો માને છે કે સોના અને ચાંદીના ભાવમાં તેજી રહેવાની સંભાવના છે, કારણ કે બુલિયનને ટેકો આપતા અનેક સકારાત્મક પરિબળો છે.

# ચોપડે જમા રકમ બાબતે ખુલાસો ક્યારે માન્ય ગણાય?

**ટેક્સ ટ્વિટર** — **વિરેશ રૂદલાલ**



આવકવેરા કાયદાની કલમ-68 હેઠળ હિસાબી ચોપડામાં જમા કરેલ રકમના સ્વરૂપ અને સ્ત્રોત (Nature | Source) પૂરવાર કરવાની પ્રાથમિક જવાબદારી કરદાતાની છે. એકવાર સંતોષકારક ખુલાસો આપ્યા પછીની જવાબદારી આવકવેરા અધિકારીના શિરે જાય છે. લોન, ડિપોઝીટ, ઉછીના અથવા અન્ય પ્રકારે ચોપડે જમા રકમ કરદાતાની માની લીધેલ આવક (Deemed income) ગણાય છે. આવી જમા રકમ નાણાં સ્વરૂપે (Monetaru) નહિ હોય તો આવકમાં ઉમેરો થાય નહિ.

**ખાતામાં જમા એન્ટ્રી**

સીઆઈટી વિ. કેરાલા ટ્રાન્સપોર્ટ કું.ના કેઈસમાં કોચીન ટ્રીબ્યુનલે ભાગીદારોના ખાતામાં ફક્ત જમા એન્ટી ફક્ત ડુપ્લીકેશન નોંધ હોય, પેઢીમાં કોઇ નાણાં આવેલ ન હોય જર્નલ નોંધને કલમ 68 લાગે નહિ એવું ઠરાવ્યું.

**ખોટી નોંધ**

ઈન્કમટેક્ષ ઓફિસર વિ. નવિન ગોયલના કેઈસમાં દિલ્હી ટ્રીબ્યુનલે સરવૈયામાં જમા રકમ હિસાબી જાણકારીના અભાવે બનાવેલ, જેમાં વ્યવસાયિક મદદ લઈને Tally સોફટવેર મુજબ રિવાઈઝડ, સાચી બેલેન્સ શીટનો આધાર લઈ આવી ખોટી નોંધનો ઉમેરો નહિ થાય એવું ઠરાવ્યું. અમદાવાદ ટ્રીબ્યુનલે ફોર્ચ્યુન ઈન્ડસ્ટ્રીઝ લિ. વિ. આઈ.ટી.ઓ.માં પણ એ મતલબનું ઠરાવી સ્પષ્ટતા કરી કે આવી ખોટી હિસાબી નોંધોથી નાણાં મળેલ નથી.

**હવાલા નોંધથી જમા રકમ**

ફક્ત હવાલા નોંધ Adjustmentથી થતી નોંધ ને કેશ ક્રેડિટ ગણીને આવકમાં ઉમેરી શકાય નહિ કારણ કે કોઇ નાણાંકિય મોનેટરી વ્યવહાર થયો નથી, નાણાં મળ્યા નથી એવું કલકત્તા હાઈકોર્ટે ભાટીયા ઈન્વેસ્ટમેન્ટ વિ. સી.આઈ.ટી.માં ઠરાવ્યું છે.

અમદાવાદ ટ્રીબ્યુનલે ગોયલ સીન્થેટીકસ પ્રા.લિ. વિ. આસી. સી.આઈ.ટી.માં કલકત્તા હાઈકોર્ટના ચૂકાદાનો આધાર લઈને હવાલા નોંધના વ્યવહારને કલમ 68 હેઠળ આવકી લેવાય નહિ તેમ ઠરાવેલ છે.

ઓપનીંગ જમા બાકી

કલમ 68 વાંચતા એ સ્પષ્ટ છે કે જમા રકમ ચાલુ સાલે જમા આવી ન હોય પરંતુ હિસાબોમાં આગળના વર્ષની જમા રકમ સરવૈયામાં ચાલુ સાલે આગળ ખેંચવામાં આવી હોય, આવી ઓપનીંગ બેલેન્સ કલમ 68 હેઠળ ચાલુ સાલની આવકમાં ઉમેરાય નહિ.

ગુજરાત હાઈકોર્ટે સી.આઈ.ટી. વિ. જગતકુમાર સતિષભાઈ પટેલ તેમજ અમદાવાદ ટ્રીબ્યુનલે ઈન્કમટેક્ષ ઓફિસર વિ. રાજીવકુમાર બોડાવાળામાં ઠરાવેલ છે કે OP balanceને ચાલુ સાલે મળેલ જમા રકમ કહી શકાય નહિ.

**1.4.2023થી**

1.4.2023 પહેલાં જમા રકમ અંગે જમા રકમના સ્ત્રોત અંગેનો ખુલાસો આવકવેરા અધિકારીને માન્ય રહે તો આવકમાં ઉમેરો થતો નથી પરંતુ 1.4.2023થી કલમ 68માં પ્રોવિઝનનો ઉમેરો થતા સ્ત્રોતનો સ્ત્રોત આપવાની ભારેખમ જવાબદારી હવે કરદાતા ઉપર નાખી છે. મતલબ કે જેના જમા છે તેનો સ્ત્રોત (SOURCE) પણ આપવો પડશે.

# દેશના સૌથી મોટા IPO માટે જિયો પ્લેટફોર્મ્સને સેબીની મંજૂરી

**રિલાયન્સ** ઇન્ડ.ની ડિજિટલ સેવાઓ માટેની પાંખ શેરબજારમાંથી રૂ. ૩૭૭૦૦ કરોડ રૂપિયા ઉઘરાવશે

**આ આઇપીઓ** સાથે જિયો પ્લેટફોર્મ્સનું બજાર મૂલ્ય ૧૩૭ અબજ ડોલર જેટલું થઇ જશે

નવી દિલ્હી, તા. ૨૮(પીટીઆઈ): મુકેશ અંબાણીની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની ડિજિટલ સેવાઓની પાંખ, 'જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડ'ને ૩.૮ બિલિયન ડોલર એકત્રિત કરી શકાય તેવા ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ(IPO) સાથે આગળ વધવા માટે માર્કેટ રેગ્યુલેટર 'સેબી' તરફથી મંજૂરી મળી ગઈ છે. આ મંજૂરી દેશના સૌથી મોટા સ્ટોક-માર્કેટ લિસ્ટિંગ માટેનો માર્ગ મોકળો કરે છે.

રેગ્યુલેટરની વેબસાઈટ પરના એક અપડેટ અનુસાર, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા(સેબી) એ ૨૮ ઓગસ્ટના રોજ તેના અંતિમ અવલોકનો જારી કર્યા હતા. જિયો પ્લેટફોર્મ્સે જૂન મહિનામાં તેના ડ્રાફ્ટ આઈપીઓ (IPO) પેપર્સ ફાઈલ કર્યા હતા. કંપનીના ડ્રાફ્ટ પ્રોસ્પેક્ટસ અનુસાર, તે ૨૭ કરોડ સુધીના નવા ઈક્વિટી શેર જારી કરવાની યોજના ધરાવે છે, જે તેના ઈશ્યૂ પછીના ઈક્વિટી બેઝના અંદાજે ૨.૯ ટકા જેટલા થાય છે. આ બાબતથી વાકેફ લોકોએ જણાવ્યું હતું કે, આ આઈપીઓથી જિયો પ્લેટફોર્મ્સનું મૂલ્ય અંદાજે ૧૩૭ બિલિયન યુએસ ડોલર થઈ શકે છે. ડ્રાફ્ટ પ્રોસ્પેક્ટસ અનુસાર, આ ભંડોળનો ઉપયોગ મુખ્યત્વે જિયો પ્લેટફોર્મ્સની મુખ્ય સબસિડિયરી 'રિલાયન્સ જિયો ઈન્ફોકોમ લિમિટેડ'ના આશરે રૂ. ૨૭,૫૦૦ કરોડના બાકી દેવાની સંપૂર્ણ અથવા આંશિક ચુકવણી માટે કરવામાં આવશે. બાકીની રકમ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ફાળવવામાં આવી છે. આ પબ્લિક ઓફરિંગ એવા સમયે આવ્યું છે જ્યારે ભારતનું પ્રાઈમરી માર્કેટ સક્રિય રહ્યું છે, જેમાં રિટેલ રોકાણકારો અને સ્થાનિક સંસ્થાઓની મજબૂત ભાગીદારી જોવા મળી છે.